# સ્વચ્છતા હી સેવા

માનનીય અધ્યક્ષશ્રી સૌ પ્રથમ તો ખૂબ ગૌરવ સાથે કહીશ કે, સર્વગ્રાહી, સર્વસ્પર્શીય અને સર્વોત્કર્ષ બજેટ રજૂ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તેમજ સમગ્ર સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભારતના યશસ્વી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સેવાના પવિત્ર સંકલ્પને કેન્દ્રસ્થાને રાખી સમગ્ર દેશમાં અને રાજ્યમાં જનસુવિધાના અનેક કાર્યો થઈ રહ્યા છે. પણ તેમાં "સ્વચ્છતા હી સેવા"ના પ્રકલ્પે મુઠ્ઠી ઊંચેરું સ્થાન મેળવ્યું છે. કારણ કે, સ્વચ્છતા હી સેવા અને સેવા સે હી રાષ્ટ્રનિર્માણના ઉમદા ભાવનું અહીં દર્શન થાય છે.

"સ્વચ્છતા હી સેવા" અભિયાન દ્વારા શહેરી અને ગ્રામીણ વિકાસ વિભાગો દ્વારા સંયુક્તપણે રાજ્યના હેલ્થ સેન્ટર, તમામ શૈક્ષણિક સંસ્થાઓ, શહેરી-ગ્રામીણ વિસ્તારો, મ્યુઝીયમ, હેરીટેજ બિલ્ડીંગ, પુરાતત્વીય સાઈટ, મહાન પુરુષોની પ્રતિમા, નદી, તળાવ, ધર્મસ્થાનો, બગીચાઓ, સરકારી કચેરીઓ, પાણીના સ્રોતો, સમુદ્ર કિનારાની સફાઈ વગેરે ખૂબ જ ચીવટથી કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા હી સેવા અભિયાનમાં માનનીય સંસદસભ્ય, મા. ધારાસભ્યશ્રીઓ, વિવિધ પદાધિકારીશ્રીઓ, વિશેષ મહાનુભાવો એમ કુલ મળીને લગભગ 1,55,188 લોકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ભારતીય જનતાપાર્ટીના લાખ્ખો કાર્યકરો તો ખરા જ. આ અભિયાનમાં ફક્ત ગ્રામ્ય વિસ્તારમાંથી 435 ટન

કચરાનો નિકાલ કરવામાં આવ્યો. આ અભિયાનમાં 73,315 સફાઈ કામદારો પણ જોડાયા હતા અને કુલ 1,43,564 માનવકલાકોનું શ્રમદાન કરવામાં આવ્યું.

આપણા દેશના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પવિત્ર સંકલ્પ અને સખત પુરુષાર્થથી પ્રેરાઈને દેશમાં આ અભિયાન હેઠળ કુલ 1,40,000 પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. મને જણાવતા આનંદ થાય છે કે ગ્રામ્યકક્ષાએ કુલ 2 કરોડ 54 લાખ ગ્રામજનોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો અને સ્વચ્છતા હી સેવા અભિયાનને સફળ બનાવ્યું.

શાળા-કોલેજના મળીને કુલ 10,44,057 વિદ્યાર્થીઓએ શ્રમદાન કર્યું. રાષ્ટ્રસેવાના સંકલ્પ સાથે વેસ્ટ ટુ વેલ્થ, સ્વચ્છતા રેલી તેમજ સ્વચ્છતા શિબિરનું આયોજન થયું, જેમાં સ્વચ્છતા જાળવવા માટે ખૂબ ઊંડું મનોમંથન પણ થયું.

એક લાખથી વધુ સખીમંડળોના 8,24,000 સભ્યોએ અત્યાર સુધીમાં 20,87,000 માનવ કલાકોનું શ્રમદાન અર્પણ કર્યું છે. 5 લાખથી વધુ પરિવારોમાં સ્વચ્છતા જાગૃતિનો પ્રચાર-પ્રસાર કર્યો.

શહેરોની સાથે સાથે ગ્રામીણજનો પણ વિશેષરૂપે લાભાન્વિત થયા. ખુલ્લામાં શૌચની પ્રક્રિયા બંધ થઈ, પ્રત્યેક ઘરોમાં જ શૌચાલયનું નિર્માણ થયું. પણ રાજ્યના વિવિધ જિલ્લામાંથી મળેલી માહિતી અનુસાર વર્ષ 22-23 અને 23-24માં 97,222 નવા કુટુંબો શૌચાલય વિહોણા મળ્યા. જે પૈકી 57,309 કુટુંબોને શૌચાલયની સુવિધા હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને 33,248 કુટુંબોને ચાલુ વર્ષમાં શૌચાલયની સુવિધા હેઠળ આવરી લેવામાં આવશે. પ્રવાહી કચરાના

નિકાલ માટે ગામડાઓમાં 4,92,493 વ્યક્તિગત સોકપીટનું નિર્માણ થયું અને 62,713 જાહેર સોકપીટનું નિર્માણ થયું.

ગેલ્વેનાઈઝીંગ ઓર્ગેનિક બાયો-એગ્રો રીસોર્સીસ – ગોબરધન એ ભારત સરકારની પહેલ છે અને સમગ્ર સરકારી અભિગમ ઉપર આધારીત છે. જે અંતર્ગત કાર્બનિક કચરો જેમ કે, ઢોરના છાણ-કૃષિ અવશેષ, વગેરેને બાયોગેસ/સીબીજી/બાયો સીએનજીમાં રૂપાંતરીત કરવા પ્રોત્સાહિત કરતી યોજનાઓ, કાર્યક્રમો, નીતિઓને સંપૂર્ણપણે આવરી લે છે. પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ, જલશક્તિ મંત્રાલય ગોબરધન માટે સંકલન કરનાર વિભાગ છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રા) યોજના હેઠળ 7600 બાયોગેસ પ્લાન્ટના લક્ષ્યાંક સામે 7,276 બાયોગેસ પ્લાન્ટનું નિર્માણ થઈ ચૂક્યું છે. ગ્રામ્ય વિસ્તારના પશુછાણ તથા બાયોડીગ્રેડેબલ વેસ્ટને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરી ગ્રામ્ય વિસ્તારોને વૈકલ્પિક ઊર્જા, સ્વચ્છ વાતાવરણ, આરોગ્ય અને રોજગારીના નવા સ્રોતોનું નિર્માણ થયું.

આ યોજના અંતર્ગત 2021-22માં રૂ. 80,000 લાખની જોગવાઈ સામે રૂ. 57,415.13 લાખનો ખર્ચ થઈ ચૂક્યો છે. તેમજ વર્ષ 2022-23માં રૂ.46,720 લાખની જોગવાઈ સામે રૂ.16.464.64 લાખનો ખર્ચ થયો છે. વર્ષ 2023-24માં રૂ.20,000 લાખની જોગવાઈ સામે રૂ.16034.21 લાખનો (તા.23-01-2024) ખર્ચ થયો છે.

સ્વચ્છતાનું આ અભિયાન હવે કોઈ એક સમયમર્યાદા પૂરતું નથી રહ્યું પણ હવે પ્રત્યેક ભારતીયના રોજિંદા જીવનનો એક અખંડ ભાગ થઈ ચૂક્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીની

સરકાર દ્વારા દેશમાં અને ગુજરાત રાજ્યમાં વિકાસ અને સમૃદ્ધિ વિષયક અનેક વિધ કાર્યો થઈ રહ્યા છે અને બહોળી સફળતા મળી રહી છે તે સંદર્ભે મને માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની કહેલી એક ઊક્તિ યાદ આવે છે કે- મનમાં જો સેવાનો પવિત્ર ભાવ હોય તો શુભ પરિણામ પ્રાપ્ત થાય જ છે. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય